# ગોરવામાં મોડી રાત્રે ઊંઘી રહેલા શ્રમજીવી પરિવાર પર ચાલકે ટેમ્પો ફેરવી દીધો : 4ને ઈજા

**ચલાવતા** ન આવડતું હોવા છતાં યુવકે ચાવી નાખી સ્ટાર્ટર માર્યુંને સ્ટેરીંગ કંટ્રોલ ન થતા ટેમ્પો શ્રમજીવી પરિવાર પર ચડાવી દીધો

**ગંભીર** રીતે ઘવાયેલા 4 લોકોને સારવાર માટે ખસેડાયા




ગોરવામાં ગુરુવારની રાતે યુવકે ટેમ્પામાં બેસી ચાવી નાંખી સ્ટાર્ટર મારતાં શ્રમજીવી પરિવારના ચારને કચડી નાંખતા ગોત્રી ખાતેની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં મોડી રાત્રે ઊંઘી રહેલા શ્રમજીવી પરિવારના ચાર સભ્યો પર ટેમ્પો ચાલકે ચઢાવી કચડી નાખતા નાસ ભાગના દ્રશ્યો સર્જાયા હતા.અકસ્માતના પગલે એક પરિવારના ચારેય સભ્યો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જેથી તેમને તાત્કાલિક સારવાર માટે ગોત્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ગોરવા પોલીસે ચાલક અને ટેમ્પાના માલિકની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ આણંદ જિલ્લાના અને હાલમાં ગોરવા વિસ્તારમાં શાક માર્કેટ પાસે રહીને છૂટક મજૂરી કરતા લાલાભાઈ મહેબુબભાઈ મકવાણાએ ફરિયાદ નોંધાવી છે કે 4 ડિસેમ્બરના રોજ 21:30 વાગ્યાના સુમારે અમે પરિવાર સાથે ગોરવા સાક માર્કેટની બાજુમાં આવેલા ખુલ્લા મેદાનમાં સુતા હતા. તે વખતે એક ફોરવીલ ટેમ્પોના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી પિતા મહેબુબ ભાઈ, મારી બેન પુજા, દીકરી રિયા તથા સાવન મકવાણા ઉપર ચડાવી દેતા તમામને ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી તમામને ગોત્રી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. પરિવારે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ટેમ્પો ચાલકે પોતાની સાથે આવેલા એવા યુવાનને ટેમ્પોની ચાવી આપી હતી. જ્યારે કે તેને ડ્રાઈવિંગ આવડતું જ નહોતુ અને તેણે ટેમ્પો ચાલુ કરતાં જ શ્રમજીવી પરિવારમાંના ચારેય સભ્યોને કચડી નાખ્યા હતા. ટેમ્પો ચલાવનાર પાસે લાઈસન્સ પણ ન હતુ. આ ઘટના બાદ ગોરવા પોલીસે તાત્કાલિક ટેમ્પો ચાલક તેમજ બીજા યુવકની અટકાયત કરી છે. સ્થાનિક રહેવાસી તોસીફ પઠાણ સહિત વિસ્તારના લોકોને આ ઘટના બાબતે જાણ થતાં જ દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સમાં ઈજાગ્રસ્ત લોકોને સારવાર માટે ખસેડ્યા હતા. શ્રમજીવી પરિવરની મદદ સાથે ન્યાય મળશે તેવી માંગ કરી છે. તોસીફ પઠાણે જણાવ્યું હતું કે, ગોરવા શાક માર્કેટ પાસે એક ટેમ્પો ચાલકે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતા ત્યાં ફૂટપાથ પર સૂતેલા એક આખા પરિવારને કચડી નાખ્યો હતો. જેમાં એક બાળક અને એક મહિલા સહીત 4 લોકોને ઈજાઓ થતા ગોત્રી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા છે. ટેમ્પો ચાલકે સ્થળ પરથી ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો.

## સોમાતળાવ નજીક ઢોર ડિવાઈડર કૂદીને અચાનક રિક્ષા સાથે ભટકાતાં મોત થયું

**ગૌપાલકની** બેદરકારીના કારણે ગાયનું મૃત્યુ



(પ્રતિનિધિ) વડોદરા,તા.5

વડોદરા શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે. કોર્પોરેશનની ઢોર પાર્ટી દ્વારા રોજે રોજ ઢોર પકડવાની કામગીરી થાય છે, છતાંય અકસ્માતોની ઘટનાઓ યથાવત છે.જ્યાં ગૌપાલકની બેદરકારીના કારણે એક મૂંગા જાનવર એટલે કે ઢોરનું મૃત્યુ નિપજ્યું હતું.

વડોદરા શહેરના સોમા તળાવ તરફના માર્ગ પર કાના હાઈટ્સ સામે એક રિક્ષા ચાલક પોતાના ધંધા માટે નીકળ્યો હતો. એટલામાં ડિવાઈડર કૂદી અચાનક ગાય રસ્તા વચ્ચે આવી જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો જોરદાર હતો કે ગાયનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. અકસ્માતમાં રિક્ષાને ભારે નુકસાન થયું છે તેમજ રિક્ષા ચાલકને પણ ઈજાઓ થઇ છે. સદનસીબે રિક્ષામાં કોઈ મુસાફર નહતો, નહીંતર મોટી જાનહાની થવાની શક્યતા હતી. અકસ્માત બાદ લોકોના ટોળા જામી ગયા હતા અને રખડતા ઢોર અંગે ચર્ચાઓ અને કોર્પોરેશનની ઢોર પાર્ટી અંગે સવાલો પણ ઉઠવા લાગ્યા. નગરજનોનો સવાલ એક જ છે કે, શું કોર્પોરેશનની ઢોર પાર્ટી વાસ્તવમાં અસરકારક રીતે કામ કરી રહી છે? કારણ કે શહેરમાં રોજબરોજ ઢોરના ત્રાસથી અકસ્માતની આશંકા વધી રહી છે. મૂંગા પ્રાણીઓનો જીવ પણ બચવો જોઈએ અને શહેરના લોકોની સુરક્ષા પણ જાળવવી જોઈએ. હવે જોવું રહેશે કે કોર્પોરેશન આ ઘટનાને ધ્યાનમાં લઈ આગળ શું પગલાં ભરવામાં આવશે.

### દિલ્હી એક્સપ્રેસ-વે પર કારની અડફેટે યુવકનું મોત

વડોદરા એક્સપ્રેસ હાઇવે પર વારંવાર અકસ્માત થતા રહેતા હોય છે. ત્યારે ગુરુવારે વહેલીસવારે સુરતથી ડાકોર દર્શન કરવા માટે યુવક કાર લઇ જતો હતો. તે દરમિયાન મુંબઇ દિલ્હી હાઇવે પર શેરખી ગામની સીમમાં કારની અડફેટે આવી જતા 30થી 35 વર્ષીય યુવકનું ગંભીર ઇજાના કારણે સ્થળ પર મોત નિપજ્યુ હતું. જેથી તાલુકા પોલીસે કાર ચાલક ચૈતન્ય પ્રકાશકુમાર બૌવાવાલા (રહે- નંદનવન ટાઉનશીપ નવાગામ, ડિંડોલી સુરત) સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. તાલુકા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી મરણ જનાર વાલી વારસોની શોધખોળ શરૂ કરી છે.

4 વર્ષની રજૂઆત બાદ ખુલ્લા મેદાનમાં અધૂરો જોગિંગ ટ્રેક

# વેરાના નાણાં પાણીમાં! :પાલિકાના 'અણઘડ વિકાસ' સામે પ્રભુનગરના રહીશોનો બળાપો

**નથી સમથળ** મેદાન, નથી પૂરી કમ્પાઉન્ડ વોલ કે નથી લાઇટિંગ!



(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા વાઘોડિયા રોડ પર આવેલા પ્રભુનગર વિસ્તારમાં પાલિકાના ખુલ્લા મેદાનના કહેવાતા વિકાસ કાર્યો સામે આસપાસની આઠ સોસાયટીઓના રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. સ્થાનિકોએ વિકાસના કાર્યોમાં યોગ્ય આયોજન અને સમથળ જમીન તૈયાર ન કરાતા હોવાનો આક્ષેપ કરીને વેરાના નાણાંનો દુરુપયોગ થતો હોવાનું જણાવ્યું છે. રહીશોની વર્ષોની રજૂઆત છતાં પાલિકા તંત્રએ 'અણઘડ' રીતે કામગીરી શરૂ કરી હોવાનો પ્રત્યક્ષ પુરાવો મળ્યો છે.

વાઘોડિયા રોડ પ્રભુનગર વિસ્તાર નજીક વર્ષોથી એક વિશાળ ખુલ્લું મેદાન પડ્યું છે. ચારેબાજુ કમ્પાઉન્ડ વોલના અભાવે આ મેદાન અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયું હતું, જેના કારણે આ વિસ્તારની આસપાસની પ્રભુનગર સહિતની આઠ સોસાયટીઓના હજારો રહીશો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. સ્થાનિકો 2019થી આ પ્લોટનો યોગ્ય વિકાસ થાય અને અસામાજિક પ્રવૃત્તિઓ અટકે તે માટે સતત લેખિત અને મૌખિક રજૂઆતો કરી રહ્યા હતા. તેમની મુખ્ય માંગણીઓમાં સિનિયર સિટીઝનો માટે જોગિંગ ટ્રેક અને મેદાનનો સર્વાંગી વિકાસ સામેલ હતો.






| સ્થાનિકોની માંગ | | | |
|---|---|---|---|
| » મેદાનની ચારે બાજુએ સંપૂર્ણ કમ્પાઉન્ડ વોલનું નિર્માણ કરવું. | » જોગિંગ ટ્રેકને 6 થી 6.5 ફૂટ પહોળો બનાવવો. | » વિકાસ કાર્ય શરૂ કરતાં પહેલાં મેદાનને સંપૂર્ણપણે સમથળ બનાવવું. | » જોગિંગ ટ્રેક વચ્ચે આવતા વૃક્ષોનો યોગ્ય નિકાલ કરવો. |

સ્થાનિકોની વર્ષોની રજૂઆત બાદ આખરે પાલિકા તંત્રએ મેદાન પર વિકાસ કાર્યો શરૂ કર્યા છે, પરંતુ તે પણ અણઘડ રીતે. રહીશોના આક્ષેપ મુજબ, તંત્રએ માત્ર એક જ બાજુ પર કમ્પાઉન્ડ વોલ બનાવી છે, જ્યારે મેદાનની અન્ય તમામ બાજુઓ હજી પણ ખુલ્લી છે, જેનાથી અસામાજિક પ્રવૃત્તિઓનો ભય યથાવત છે.

સૌથી મોટી અનિયમિતતા જોગિંગ ટ્રેકના નિર્માણમાં જોવા મળી છે. તંત્ર દ્વારા માત્ર સાડા ત્રણ ફૂટની પહોળાઈનો જોગિંગ ટ્રેક બનાવાયો છે, જ્યારે રહીશોની માંગણી સામસામે વ્યક્તિઓ ચાલી શકે તે માટે 6 થી સાડા છ ફૂટ પહોળા ટ્રેકની હતી. આ ઉપરાંત, જોગિંગ ટ્રેક બનાવતા પહેલા મેદાનને સમથળ પણ કરવામાં આવ્યું નથી, જેના કારણે ટ્રેક પર ચાલવામાં મુશ્કેલી પડે તેમ છે.

આયોજનના અભાવનો પુરાવો આપતા, બનાવાયેલા જોગિંગ ટ્રેકની વચ્ચે વૃક્ષો આવી રહ્યા છે, જેનાથી ટ્રેક પર અવરોધ સર્જાય છે. વધુમાં, મેદાનમાં રાત્રિના સમયે ઉપયોગ માટે કોઈ પણ પ્રકારની લાઈટિંગની વ્યવસ્થા હજી સુધી કરાઈ નથી, જેના કારણે અસામાજિક તત્વોને ફરી મોકળું મેદાન મળી શકે છે.

આસપાસની આઠ સોસાયટીઓના હજારો રહીશો આ મેદાનના જોગિંગ ટ્રેકનો લાભ લેવાના છે, ત્યારે પાલિકાના આ અણઘડ વહીવટથી સ્થાનિકોમાં ઉગ્ર નારાજગી જોવા મળી રહી છે. સમગ્ર મામલે સ્થાનિક રહીશોએ પાલિકા તંત્રને ચેતવણી આપી છે કે જો વેરાના નાણાંનો યોગ્ય ઉપયોગ કરીને વ્યવસ્થિત આયોજનબદ્ધ કામગીરી કરવામાં નહીં આવે, તો તેઓ ઉગ્ર આંદોલન કરશે.

DCB તથા LCB અલગ અલગ 6 ટીમો દ્વારા અન્ય રાજ્યોમાં કોમ્બિંગ હાથ ધર્યું હતું

# વડોદરા શહેરમાં ગુનો આચર્યા બાદ પરપ્રાંતમાં છુપાયેલા 40 આરોપી ઝડપાયાં

**ખોવાયેલા** 21 મોબાઇલ અન્ય રાજ્યોમાંથી એક્ટિવ થતા પોલીસે શોધી કાઢ્યાં

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરમાં ગુનો આચર્યા બાદ ગુજરાતની બહાર અન્ય રાજ્યમાં સંતાઇ ગયેલા 40 નાસતા ફરતા આરોપીઓને જુદી જુદી ટીમો દ્વારા રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ ખાતે કોમ્બીંગ હાથ ધરી ઝડડપી પાડ્યાં છે. જ્યારે શહેરમાંથી ખોવાયેલા તથા ગુમ થયેલા 21 મોબાઈલ પણ પોલીસે અલગ અલગ ટીમો બનાવીને શોધી કાઢ્યાં છે.

વડોદરા શહેરમા જુદા જુદા ગુનાઓમાં ધરપકડ બચવા માટે નાસતા ફરતા પરપ્રાંતિય આરોપીઓ ગુનો આચર્યાં બાદ પોતાના વતનમા છુપાઇ ગયા હોય છે. જેથી વડોદરા શહેર પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવીને આવા વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે ઝુંબેશ શરૂ કરી છે. ઉપરાંત વડોદરા શહેરમાં જુદા જુદા પોલીસ સ્ટેશનમાંથી ચોરીમાં ગયેલા મોબાઈલ ફોન અંગે CIER પોર્ટલ દ્વારા ગુજરાત રાજ્ય બહાર એક્ટીવ થયેલ મોબાઈલ ફોન રીકવર કરવાની ક્રાઈમ બ્રાન્ચ તેમજ ચાર ઝોનની મળી 6 ટીમ દ્વારા શરૂ કરાઈ હતી.

રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ ખાતે રહેતા અને વડોદરા શહેર જુદા જુદા પોલીસ સ્ટેશનમાં નાસતા ફરતા આરોપીઓની યાદી તૈયાર કરી તેમજ વડોદરા શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી ખોવાયેલા તથા ગુમ થયેલા મોબાઈલ ફોનની સીઆઈઈઆર પોર્ટલમાં ટ્રેસઆઉટ થયા હોય તેના પૈકીના 4 રાજ્યમા એક્ટીવ મોબાઈલ ફોનનો ડેટા એકત્રીત કરી 15 દિવસની આંતરરાજય કાર્યવાહી દરમ્યાન રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ રાજ્યોમાંથી ખોવાયેલ મોબાઈલ ફોન રીકવર કરવાની કામગીરી કરાઈ હતી. જેમાં જુદાજુદા રાજ્યોમાંથી 40 જેટલા આરોપીઓ પકડી પાડવામાં આવ્યાં છે. જેમા વર્ષ 2016થી 2025 દરમ્યાન નાસતા ફરતા 17, 2006થી 2015 દરમ્યાન નાસતા ફરતા આરોપી 16 તથા વર્ષ 2005 પહેલાના 7 આરોપીઓ ઝડપી પાડ્યાં છે જેમાનો એક આરોપી જેલમા છે અને 8 આરોપીઓ મરણ ગયા છે. ઉપરાંત વડોદરા શહેરમાંથી ખોવાયેલા અને ગુમ થયેલા 21 મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યાં છે. તેના મુળ માલીકોને પરત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# રાવપુરા મામાની પોળમાંથી ઘરફોડ ચોરી કરનાર રીઢો ચોર ઝડપાયો

**બંધ** મકાનનું તાળુ તોડીને છ મહિના પહેલા ચોરી કરી હોવાનું કબૂલાત

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરાશહેરના રાવપુરા મામાની પોળ ખાતેના બંધ મકાનમાંથી સોના ચાંદીના ચાંદીના દાગીના અને રોકડ રકમ સહિત 6 લાખની માલમતાની ચોરી કરી છેલ્લા 6 મહિનાથી નાસતો ફરતો હતો. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે દાગીના વેચવાની ફિરાકમાં ફરતો હોય રીઢા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે આરોપી પાસેથી રોકડ રકમ, સોનાના દાગીના મળી રૂ.2.35 લાખની મતાની રિકવર કરી આગળની કાર્યવાહી માટે કારેલીબાગ પોલીસને સોંપ્યો છે.

વડોદરા શહેરમાં બનેલી ચોરી સહિતના વિવિધ ગુના નાસતા ફરતા હોય તેવા આરોપીઓને ઝડપી પાડવાની સુંચના અધિકારીઓ દ્વારા કરવામાં આવી છે. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ આવા ગુનામાં સંડોવાયેલ આરોપીઓની ઝડપી પાડવા માટે પેટ્રોલીંગની કામગીરી કરી રહી હતી. દરમ્યાન બાતમી મળી હતી કે અગાઉ ઘરફોડ ચોરીના ગુનાઓ આચરનાર રીઢો આરોપી અમીત ઉર્ફે શ્યામ દરજી (રહે. શંકરપુરા ગામ)નો ચોરીના ગુનાઓ આચરી ચોરીનો મુદ્દામાલ વેચી નાખવાની ફિરાકમા ફરી રહ્યો છે.જેના આધારે ક્રાઈમ બ્રાન્ચેની પટોડીયા પોળ ખાતેથી આરોપી અમીત ઉર્ફે શ્યામ નવીનચંદ્ર શાપરીયા (દરજી)ને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ક્રાઈમ બ્રાન્ચે સોનાની ચેઈન નંગ 1 તથા વિંટી નંગ 2 તેમજ રોકડા રૂ.20 હજાર રોકડ મળતા તેમની પાસે બીલ, પેપર્સ તેમજ રોકડા રૂપીયા ક્યાંથી આવ્યાં હોવાની પુછપરછ કરતા આરોપીએ છ મહિના પહેલા રાવપુરા મામાની પોળ ખાતેના કોમ્પલેક્ષના બંધ મકાનનું તાળુ તોડી ઘરમાંથી સોના ચાંદિના દાગીના અને રોકડા રૂપીયા ચોરી કર્યા હોવાની કબુલાત કરી હતી. ક્રાઈમ બ્રાન્ચે ચોર પાસેથી રોકડા રૂપીયા 20 હજાર, સોનાની ચેઈન 1 રૂ.1.78 લાખ, સોનાની વીંટી 2 રૂ.36 હજાર મળી રૂ. 2.35 લાખનો માલમતા કબ્જે કરી આગળની કાર્યવાહી માટે કારેલીબાગ પોલીસને સોંપ્યો છે.

SIR-૨૦૨૫ ઝુંબેશની કામગીરીમાં વડોદરાની નબળી સ્થિતિ

# ચૂંટણી પંચની ડિજિટાઇઝેશન કામગીરીમાં ડાંગ મોખરે, ટોપ-10માં વડોદરા ગાયબ

**અમદાવાદ**-સુરત ટોપ-10માં, વડોદરા જિલ્લાની કામગીરી ટોપ-10માં સ્થાન મેળવવામાં નિષ્ફળ

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા ગુજરાતમાં ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલી 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' 2025 ઝુંબેશની ડિજિટાઈઝેશન કામગીરીના આંકડાઓ જાહેર થયા છે. આ આંકડાઓ અનુસાર, ડાંગ જિલ્લો 92.39% કામગીરી સાથે રાજ્યમાં મોખરે છે. જોકે, રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલી ડિજિટાઈઝેશનના ટોપ-10 જિલ્લાઓની યાદીમાં મહાનગરપાલિકા ધરાવતા વડોદરા જિલ્લાનું નામ ગાયબ છે, જે આ જિલ્લાની કામગીરી પર સવાલો ઉભા કરે છે.

વડોદરા જિલ્લાની ચૂંટણી તંત્ર દ્વારા ચાલી રહેલી SIR ફોર્મ્સની ડિજિટાઈઝેશન કામગીરીની ઝડપ અને અસરકારકતા પર પ્રશ્નાર્થ મુકાયો છે.

**ડિજિટાઇઝેશનના ટોપ-10**

| | | |
|---|---|---|
| 1 | ડાંગ | 92.39 |
| 2 | ગીર સોમનાથ | 92.24 |
| 3 | મોરબી | 99.09 |
| 4 | સાબરકાંઠા | 98.86 |
| 5 | પંચમહાલ | 98.86 |
| 6 | અમરેલી | 98.79 |
| 7 | ખેડા-મહેમદાવાદ | 98.61 |
| 8 | અમદાવાદ | 98.88 |
| 9 | વલસાડ | 98.60 |
| 10 | સુરત | 98.58 |

ચૂંટણી પંચના ડિજિટાઈઝેશનના ટોપ-10 જિલ્લાઓની યાદીમાં ડાંગ 92.39% સાથે પ્રથમ સ્થાને છે, જ્યારે ગીર સોમનાથ 92.24% સાથે બીજા અને મોરબી 99.09% સાથે ત્રીજા સ્થાને છે. અમદાવાદ અને સુરત જેવા મોટા શહેરી જિલ્લાઓ ટોપ-10માં સ્થાન ધરાવે છે, પરંતુ વડોદરાની ગેરહાજરી નોંધનીય છે. વડોદરામાં ચૂંટણી સંબંધિત કામગીરીને લઈને જિલ્લા ચૂંટણી કચેરી સક્રિય હોવા છતાં, SIR ડિજિટાઈઝેશનના તાજેતરના અહેવાલમાં તેની ટકાવારી કેટલી છે તે સ્પષ્ટ થતું નથી.

આ SIR ઝુંબેશ હેઠળ મતદાર યાદીમાં ક્ષતિઓ દૂર કરવાની અને નવા મતદારો ઉમેરવાની કામગીરી ચાલી રહી છે. રાજ્યમાં 9મી ડિસેમ્બર સુધી સુધારા-વધારાના અરજીપત્રો સ્વીકારવામાં આવશે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં 92% કામગીરી પૂરી થઈ ગઈ છે. વડોદરા જિલ્લા ચૂંટણી કચેરીએ આ સમયમર્યાદામાં ઝડપી કામગીરી કરીને મતદાર યાદીને ભૂલરહિત બનાવવી પડશે, જેથી ડિજિટાઈઝેશન કામગીરીમાં તેનો ક્રમાંક સુધરી શકે.

બરોડા બાર એસો. ચૂંટણી: 8 ડિસેમ્બરના રોજ ફોર્મની ચકાસણી, 9 ડિસેમ્બર સુધી ઉમેદવારો ફોર્મ પરત ખેંચી શકશે

# પ્રમુખ પદ માટે નલીન પટેલ અને હસમુખ ભટ્ટ વચ્ચે ટક્કર

**10 ડિસેમ્બરના** રોજ ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા બાર એસોસિએશનની ચુંટણીના ફોર્મ ભરવાનો તથા પરત કરવાનો 5 ડિસેમ્બરના રોજ છેલ્લો દિવસ હતો. ત્યારે પ્રમુખ પદ માટે 2 ઉમેદવારો વચ્ચે જંગ ખેલાવાનો છે. ત્યારે જેમાં અત્યાર સુધીમાં 37 ફોર્મ ભરીને પરત જમા કરાવીને ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી દીધી છે. ત્યારે તમામ ફોર્મની ચકાસણી આગામી 8 ડિસેમ્બરે કરાશે અને ઉમેદવારો 9 ડિસેમ્બરના રોજ તેમના ફોર્મ પરત ખેંચી શકાશે. ઉમેદવારોની અંતિમ યાદી 10 ડિસેમ્બરના રોજ ચૂંટણી કમિશનર દ્વારા જાહેર કરાશે.

વડોદરા વકીલ મંડળની 19 ડિસેમ્બરના ચૂંટણી યોજાવાની છે, આ વખતની ચૂંટણીમાં આધુનિક ટેકનોલોજીથી યોજવા સાથે નવરત અભિગમ અપનાવવામાં આવ્યાં છે. આ વખતે પ્રથમવાર મહિલા સશક્તિકરણને ધ્યાનમાં રાખીને ચૂંટણી કમિશનર તરીકે અલકાબેન જાદવની નિમણૂમ કરાઇ છે. બીજી તરફ વકીલ મતદારોના ફોટાવાળી મતદાર યાદી પ્રસિદ્ધ કરાઇ છે. છેલ્લા પાંચ દિવસથી ચૂંટણીની ફોર્મ વિતરણ તથા ભરવાની કામગીરી ચાલી રહી હતી. ત્યારે 5 ડિસેમ્બરના રોજ વિવિધ પદ ચૂંટણી લડવા માટે ઉમેદવારોએ ફોર્મ ભરીનેઆપવાની છેલ્લા તારીખ હતી. ત્યારે શુક્રવારે સુધીમાં ચુંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો પોતાના ફોર્મ પરત જમા કરાવી દીધા છે. ત્યારે અત્યાર સુધીમાં પ્રમુખ, ઉપ-પ્રમુખ, મહાસચિવ, સંયુક્ત સચિવ, લાયબ્રેરી સેક્રેટરી, ખજાનચી, મેનેજિંગ કમિટી અને મેનેજિંગ કમિટી (L.R.) મળીને કુલ 37 ફોર્મ ભરી ઉમેદવારોએ પોતાના ઉમેદવારી નોંધાવી દીધી છે. જેમાં પ્રમુખ પદ માટે નલીન પટેલ તથા હસમુખ ભટ્ટ વચ્ચે રસાકસીનો જંગ જામવાનો છે. જ્યરે ઉપપ્રમુખ માટે 4 ઉમેદવારો તેવી જ રીતે જનરલ સેક્રેટરી 2 તથા જોઈન્ટ સેક્રેટરી 2 તથા લાઈબ્રેરી સેક્રેટરી 2 તેમજ ખજાનચીના પદ માટે 2 ઉમેદવારો વચ્ચેની મતદાન રસાસકી ભર્યું રહેવાનું છે. આ તમામ ફોર્મની ચકાસણી આગામી 8 ડિસેમ્બરના રોજ કરવામાં આવશે અને જોઇ કારણોસર ઉમેદવારોએ ફોર્મ પરત ખેચવા હોય તો 9 ડિસેમ્બરના રોજ તેમના ફોર્મ પાછા ખેંચી શકાશે. ઉમેદવારોની અંતિમ યાદી 10 ડિસેમ્બરના રોજ જાહેર કરવામાં આવશે.

**37 સભ્યોએ વિવિધ પદ માટે નોંધાવેલી ઉમેદવારી**

| | | |
|---|---|---|
| **પ્રમુખ: 2 ફોર્મ** | જય ઓઝા | પરેશ ઠાકોર |
| નલિન ડી. પટેલ | રવિરાજ ગાયકવાડ | જાનકી કારેલીયા |
| હસમુખ ભટ્ટ | **ખજાનચી: 2 ફોર્મ** | વિપુલ પરમાર |
| **ઉપ-પ્રમુખ: 4 ફોર્મ** | નિમિષા ધોત્રે | મેઘના ઠક્કર |
| રાજેશ ધોબી | કૃપાલ શર્મા | ચૈતન્ય મોરે |
| નેહલ સુતરિયા | **મેનેજિંગ કમિટી: 19 ફોર્મ** | દિશાંત જોશી |
| ભાસ્કરરાવ નિલક | હિતેશ ઈન્ટવાલા | પાર્થ સુરતી |
| દક્ષય ભટ્ટ | મંથન પંડ્યા | કૃણાલ ચોકશી |
| **મહાસચિવ: 2 ફોર્મ** | દીપલ બ્રહ્મભટ્ટ | વિજય ઠાકરડા |
| રિતેશ ઠક્કર | જીજ્ઞેશ બારોટ | ધર્મેન્દ્રસિંહજી શિનોરા |
| રાહુલ ભટ્ટ | વિમલ પટેલ | **મેનેજિંગ કમિટી (L.R.): 4 ફોર્મ** |
| **સંયુક્ત સચિવ: 2 ફોર્મ** | આશિષ સાલેકર | કોમલ ભ્રમભટ્ટ |
| મયંક પંડ્યા | ધવલ પટેલ | હેતલ ચરાવડા |
| અનિલકુમાર પ્રુથી | કોમલ પટેલ | ધ્રુપ્તિ ત્રિવેદી |
| **લાયબ્રેરી સેક્રેટરી: 2 ફોર્મ** | સિદ્ધાર્થ પવાર | પ્રિંકલ બારોટ |

પોલીસે આરોપીને સ્થળ પર લઇ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું

# સમા વિસ્તારમાં નોકરી કરતા નરાધમે 15 વર્ષીય સગીરા પર 10થી વધુવાર દુષ્કર્મ ગુજાર્યું

**પોલીસ** દ્વારા સગીરાનું મેડિકલ કરાવવા તજવીજ હાથ ધરાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેરના સમા વિસ્તારમાં નોકરી કરતા 31 વર્ષીય આરોપીએ 15 વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ જ્યાં કામ કરતો હતો ત્યારે મળવા બોલાવી તેના સાથે આરોપીએ 10થી વધુવાર બળાત્કાર ગુજારી તેણીને ગર્ભવતી બનાવી હતી. ત્યારે એસસીએસટી સેલના એસીપીએ આરોપીને ઘટના સ્થળ પર લઈ જઈને સ્થળ પચનામુ તથા રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું.



વડોદરા શહેરના સમા વિસ્તારમાં આવેલા નિવૃત ખાનગી કંપનીના અધિકારીના ઘરે નોકરી કરતા જીતેન્દ્રસિંહ અર્જુનસિંહ ઝાલા (ઉં.વ.31) 15 વર્ષીય સગીરાને પોતાના પ્રેમજાળમા ફસાવી હતી. ત્યારે આ યુવક છેલ્લા એક વર્ષથી સગીરાના વાતચીત કરવાના બહાને તેના ઘરે અવાર-નવાર બોલાવી સગીરા સાથે વારંવાર તેની મરજી વિરુદ્ધ શારિરીક સંબંધ બાંધતો હતો. છેલ્લા 1 વર્ષના સમયગાળા દરમિયાન આરોપી જીતેન્દ્રસિંહે સગીરા સાથે 10થી વધુ વાર શારીરિક સંબંધ બાંધ્યાં હતા.

દરમિયાન 15 વર્ષની સગીર દીકરીને પેટમાં દુખાવો ઉપડયો હતો. જેથી તેના માતા પિતા સહિતના પરિવારના સભ્યો દ્વારા તેને હોસ્પિટલમાં લઈને મેડિકલ રિપોર્ટમાં સોનોગ્રાફી કરાવવામાં આવ્યુ હતું. ત્યારે રિપોરટમાં સગીરાને છ મહિના ગર્ભવતી હોવાનું માલુમ પડ્યું હતું. જેથી સગીરાના માતાએ દીકરીને પૂછતા આરોપીએ જીતેન્દ્રસિંહ ઝાલો તેની સાથે વારંવાર દુષ્કર્મ ગુજારીને તેને ગર્ભવતી બનાવી હોવાનું જણાવ્યું હતું. જેથી તેની માતા સમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે પોક્સો તથા એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ત્યારે આ ગુનાની તપાસ એસસી એસટી સેલના એસીપી ચંદ્રસિંહ સોલંકીએ આરોપી જિતેન્દ્રસિંહ અર્જુનસિંહ ઝાલાની ધરપકડ કરી આગળની તપાસ શરૂ કરી છે. 5 ડિસેમ્બરના રોજ પોલીસ આરોપીને સાથે રાખીને જ્યાં વારંવાર દુષ્કર્મ આચર્યું હતું ત્યાં લઈ જઈને સ્થળ પંચનામુ તથા રિકન્ક્ટ્રક્શન કરાયું હતું. ત્યારબાદ આસપાસમાંથી રહેતા લોકો તથા સગીરાના પરિવારના સભ્યોના પણ નિવેદન પણ પોલીસ દ્વારા લેવામાં આવ્યા છે.